सत्यमेव जयते

**પલસાણાના મહે. જયુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.જે.આહુજા) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૧૪.૦૭.૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:– | ૨૭૫૩/૨૦૨૫ |
| આંક:– | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૦૪૨૫/૨૦૨૫ કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી જે.ડી.પટેલ |
| આરોપી:– | નામ:– કલ્લુ ઉર્ફે રાજરૂપ બ્રીજેશ યાદવ<br>ઉંમર:– ૧૮ વર્ષ ૫ મહીના ધંધોઃ– મજુરી<br>સરનામું:– સાંઈરામ તાતીથૈયા પલસાણા , જી.સુરત.<br>મુળ રહે–દેવગામ થાણા–સીમરીયા જી. રીવા (મધ્યપ્રદેશ) |
| બચાવપક્ષે:– | વિદ્ધાન વકીલશ્રી ડી.એ.મિસ્ત્રી |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૦૫/૦૩/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૦૫/૦૩/૨૦૨૫ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૨૬/૦૮/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ:– | ૦૮/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૧૩/૧૧/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૧૪/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૧૪/૦૭/૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

## –:: આરોપીની વિગત ::–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન.એસ.એસ.ની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|
| ૧. | કલ્લુ ઉર્ફે રાજરૂપ બ્રીજેશ યાદવ | ૨૨.૦૬.૨૦૨૫ | બી.એન.એસ.૨૦૨૩ ની કલમ-૩૩૧(૪),૩૦૫(એ),૫૪ મુજબ | નિર્દોષ | – | – |

## –:ચુકાદો:–

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:</u>–**

**(૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે નામે (૧) નામે કલ્લુ ઉર્ફે રાજરૂપ બીજેશ યાદવ ઉવ-૧૮,સાંઈરામ તાતીથૈયા પલસાણા , જી.સુરત.મુળ રહે-દેવગામ થાણા-સીમરીયા જી. રીવા (મધ્યપ્રદેશ) તથા (૨) સની ઉર્ફે પુસ્પેન્દ્ર S/O રમેશ સરોજ ઉ.વ.૨૦ ધંધો મજરી રહેવાસી, રૂમ નં.૪૨ ત્રીજા માળે રામજીભાઈની બિલ્ડીંગમાં સાંઇ પારેખ તાતીથૈયા તા. પલસાણા જી.સુરત મુળ રહે. ગ્રામ કુમારન પોસ્ટ મેલથવા થાના જગતપુર જી.રાયબરેલી (ઉત્તરપ્રદેશ) નાઓની સાથે તા-૦૧/૦૩/૨૦૨૫ ના કલાક-૦૨/૩૦ થી કલાક-૦૭/૦૦ વાગ્યાના સમય દરમ્યાન હરકોઈ વખતે ફરીયાદીના ઘરની અંદર પ્રવેશ કરી ઘરમાં મુકેલ ઈલેક્ટ્રીક બોર્ડ પાસે ચાર્જીંગમાં મુકેલ ફરીયાદીનો મોબાઈલ ફોન બ્લેક કલરનો રેડમીન કંપનીનો મોબાઈલ મોડેલ નં-not13 પ્રો.પ્લસ જેનો IMEI-864698064564640 તથા IMEI-864638064564657 જેની કિં-૨૨,૦૦૦/-નો ચોરી કરી લઈ જઈ નાશી જઈ

અગાઉ તપાસ દરમ્યાન તોહ (૧) સની ઉર્ફે પુસ્પેન્દ્ર 5/0 રમેશ સરોજ ઉ.વ. ૨૦ ધંધો મજુરી રહેવાસી. રૂમ નં.૪૨ ત્રીજા માળે રામજીભાઈની બિલ્ડીંગમાં સાંઇ પારેખ તાતીથૈયા તા. પલસાણા જી.સુરત મુળરહે. ગ્રામ. કુમહારન પોસ્ટ મેલથુવા થાના જગતપુર જી. રાયબરેલી (ઉત્તરપ્રદેશ) નાઓ મુદામાલ સાથે પકડાઇ ગયેલ હોય તથા સહ આરોપી નામે કહ્યુ ઉર્ફે રાજરૂપ બીજેલ યાદવ ઉ.વ.-૧૮ વર્ષ ૫ મહીના , રહે. સાંઇરામ તાતીથૈયા પલસાણા જી.સુરત, મુળ રહે-દેવગામ થાણા-સીમરીયા જી રીવા (મધ્યપ્રદેશ) નાઓ તા-૨૨/૦૬/૨૦૨૫ ના રોજ તપાસ દરમ્યાન પકડાઇ જઈ બી.એન.એસ કલમ ૨૦૨૩ ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૪), ૫૪ મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપી વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને જરૂરી નકલો પૂરી પાડી આરોપીનો ગુના સંબંધે આંક-૦૩ થી જવાબ નોંધતા, તેઓએ સબ ગુનાનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ.

**<u>ફરિયાદપક્ષનો પુરાવોઃ</u>-**

**(૨)** ફરિયાદપક્ષે ફરિયાદપક્ષે શાહેદ નં.૧ પંચ- કિશોરભાઈ હરજીભાઇ ભાદાણીને આંક- ૦૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, આજથી આશરે ૮ માસ અગાઉ તેઓ તેમના કામથી જતા હતા ત્યારે એક પંચનામામાં પોલીસે તેમની સહી કરાવેલી. પંચનામું શેનું હતું તેની તેમને ખબર નથી. તેમને પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે જે પંચનામાને રજૂ દાખલ આંક-૦૭ આપવામાં આવે છે.આ સિવાય બીજું કંઇ જાણતા નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્ધારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૩) ફરિયાદપક્ષે ફરિયાદપક્ષે શાહેદ નં.૨ પંચ– હરીશકુમાર અમૃતલાલ સોહનને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, આજથી આશરે દશ માસ અગાઉ તેઓ તેમના કામથી જતા હતા ત્યારે એક પંચનામામાં પોલીસે તેમની સહી કરાવેલી. પંચનામું શેનું હતું તેની તેમને ખબર નથી. તેમને પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે જે પંચનામાને રજૂ દાખલ આંક–૦૭ આપવામાં આવે છે.આ સિવાય બીજું કંઇ જાણતા નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૪) ફરિયાદપક્ષે ફરિયાદપક્ષે શાહેદ નં.૩ પંચ– નાગરાજ ભટ્ટભાઇ પાટીલને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, આજથી આશરે ૧ વર્ષ અગાઉ તેઓ તેમના કામથી જતા હતા ત્યારે બે પંચનામામાં પોલીસે તેમની સહી કરાવેલી. પંચનામું શેનું હતું તેની તેમને ખબર નથી. તેમને પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે જે પંચનામાને રજૂ દાખલ આંક–૧૬ તથા આંક–૧૭ આપવામાં આવે છે.આ સિવાય બીજું કંઇ જાણતા નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૫) ફરિયાદપક્ષે ફરિયાદપક્ષે શાહેદ નં.૪ પંચ– રાજેન્દ્રભાઇ ભુરાભાઇ પાટીલને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, આજથી આશરે ૧ વર્ષ અગાઉ તેઓ તેમના કામથી જતા હતા ત્યારે બે પંચનામામાં પોલીસે તેમની સહી કરાવેલી. પંચનામું શેનું હતું તેની તેમને ખબર નથી. તેમને પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે તેમની સહી

ઓળખી બતાવે છે જે પંચનામાને રજૂ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે.આ સિવાય બીજું કંઇ જાણતા નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૬) ફરિયાદપક્ષે શાહેદ નં.૫ દા.ક.અ.–આશિભાઇ દિલિપભાઇ પટેલને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૨૫ ની સાલમાં કડોદરા જી.આઇ.ડી.સી. પો.સ્ટે.માં અહેકો તરીકે તેમની ફરજ બજવતા હતા. બનાવ તારીખના રોજ તેઓ પીએસઓ તરીકે ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરિયાદી શિવ નનકુ કુશ્વાહ નાઓએ તેમની રૂબરૂમા આવી એવી ફરિયાદ હકીકત લખાવેલ કે બનાવ તારીખના રોજ રાત્રે પોતાના ઘરમાં એક મોબાઈલ ફોન મુકી સુઈ ગયેલ હતા. ત્યારબાદ સવારે ઉઠીને જોતા જગ્યા ઉપર મારો મોબાઇલ ઘરમાં મળી આવેલ નહી જેથી તેમના મોબાઈલ ફોન જેની કિં.રૂ. ૨૨,૦૦૦/– ની ચોરી કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલાની ફરિયાદ હકીકત લખાવેલ. જે ફરિયાદ તેમને બતાવવામા આવે છે જેમા ફરિયાદીની સહીં ની બાજુમા રૂબરૂપણામા પીએસઓ તરીકે તેમની સહીં છે જે તેઓ ઓળખી બતાવે છે. જે ફરીયાદને રજુ દાખલ આંક–૨૦ આપવામા આવે છે. ત્યારબાદ તેમણે કડોદરા જીઆઇડીસી પો.સ્ટે ગુ.ર.નં. ૦૪૨૫/૨૦૨૫ થી ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ નિલેશભાઈ દુબળભાઇને સોપેલી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, ફરિયાદીની ફરિયાદ લઈ ગુના રજી નંબર દાખલ કર્યા સિવાય તેમણે કોઈ કામગીરી કરેલ નથી.

(૭) ફરિયાદપક્ષે ફરિયાદપક્ષે શાહેદ નં.૬ ત.ક.અ.–નિલેશભાઇ દુબલભાઇ ચૌધરીને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૨૫ ની સાલમાં કડોદરા જીઆઇડીસી

પો.સ્ટે માં એ એસ આઇ તરીકે તેમની ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ કડોદરા જીઆઇડીસી પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં. ૪૨૫/૨૦૨૫ બીએનએસ ની કલમ ૩૩૧(૪), ૩૦૫(એ), ૫૪ મુજબનો ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ તેમને સોંપેલી. તેમણે તેમની તપાસમાં પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આરોપીની અટકનુ પંચનામુ કરેલુ. ત્યાર બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા. આ કામના આરોપી પાસેથી ચોરીમા ગયેલ મુદ્દામાલ મોબાઇલ રિકવર કરેલ. આ કામના આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા તેમણે ચાર્જશીટ કરેલુ. તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે છે. આ કામે તેમણે કરેલ ચાર્જશીટમાં બતાવેલ ફરિયાદી શિવ નનકુ કુસ્વાહ ની ચાર્જશીટમા જણાવેલ સરનામે પુરતી શોધખોળ કરવા છતા મળી આવેલ નથી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ વસ્તીવાળો વિસ્તાર છે. ફરિયાદીને સાથે રાખી મામલતદાર સાહેબ રૂબરૂ આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. સાહેદ એ હકીકતનો ઇન્કાર કરે છે કે આ કામના આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે તેમજ પંચોની તૈયાર પંચાનામા પોલિસ સ્ટેશનમાં સહી લીધેલી.

**આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:-**

(૮) ઉપરોક્ત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીઓ સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ.

**ન્યાય નિર્ણયઃ-**

(૦૯) આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- બી.એન.એસ કલમ- ૨૦૨૩ની કલમ-૩૦૫(એ), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે, જે પુરાવાઓનું મૂલ્યાંકન કરી આરોપીએ

આક્ષેપિત ગુનો કરેલ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે.

**(૧૦)** આ કામે ફરિયાદપક્ષ તરફે પંચ ગુનાવાળી જગ્યાના પંચ શાહેદનો આંક–૦૬ તથા આંક–૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓએ આંક–૦૭ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય કંઇ જાણતા નથી. તથા આંક–૧૪ તથા આંક–૧૭ થી આરોપી અટક કર્યાના પંચ સાહેદોને તપાસેલા છે તેઓએ પણ માત્ર આંક–૧૫,૧૬ તથા આંક–૧૭ વાળા પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. આમ, સદર પંચ શાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલ શાહેદ જાહેર કરેલા છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઊલટતપાસ કરવા છતાં કોઇ ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૧)** તેમજ આ કામે દા.ક.અ. નાઓને આંક–૧૯ થી તપાસેલા છે તેઓએ ફરીયાદને ગુના રજીસ્ટર નંબર પાડવા સિવાય કોઇ કામગીરી કરી નથી. વધુમાં આ કામે આંક–૨૧ થી ત.ક.અ.ને તપાસેલા છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે ફરીયાદીને સાથે રાખી મામલતદાર રૂબરૂ આરોપીઓની કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી જે ફરીયાદ પક્ષ માટે શંકાનો પ્રશ્ન નિપજાવે છે. તેમજ બનાવવાળી જગ્યાની આજુબાજુ વસ્તીવાળો વિસ્તાર છે તેમ છતાં તપાસ એજન્સી દ્વારા કોઈ ત્રાહિત વ્યક્તિને તપાસના કામે જોડવા પ્રયત્ન કરેલ નથી. ઉક્ત હકીકત પણ ફરિયાદપક્ષના કેસ ઉપર શંકા ઉત્પન્ન કરે છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે આ કામના ફરીયાદી શિવ નનકુ કુસ્વાહની ચાર્જશીટમાં જણાવેલ સરનામે પુરતી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. આમ આ કામ મહત્વના એવા ફરીયાદીને ફરીયાદ પક્ષ રેર્કડ પર લાવી તપાસી શકેલ નથી.

**(૧૨)** આમ, હાલના કામે ફરિયાદપક્ષનો સમગ્ર કેસ ધ્યાને લેતા આરોપી મુદ્દામાલ સાથે પકડાયેલ તે હકીકત સિવાય આરોપી વિરુદ્ધ કોઈ પુરાવો જણાઈ આવતો નથી. આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ શાહેદોએ મુદ્દામાલ કબજે કરવાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. સદર હકીકત ફરિયાદપક્ષના કેસ ઉપર શંકા ઉત્પન્ન કરેલ છે

**(૧૩)** તેમજ સદર કામે ચોરીનો બનાવ નજરે જોનાર કોઇ શાહેદ નથી. આમ રજૂ

પુરાવા આધારે ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. મોબાઇલની ચોરી અંગેના બનાવની હકીકત પૂરવાર થાય છે, પરંતુ તે ચોરીના ગુનામાં આરોપીએ કોઇ ભૂમિકા ભજવી હોય તેવી હકીકત પૂરવાર થઇ શકેલ નથી.આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી નિર્ણયઃ–

**(૧)** આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૧(૧) હેઠળ બી.એન.એસ કલમ–૨૦૨૩ ની કલમ–૩૦૫(એ),૩૩૧(૪),૫૪ મુજબના ગુના સબબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ રૂ.૫૦૦૦/–ના અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બ્લેક કલરનો રેડમીન કંપનીનો મોબાઇલ ફોન મોડેલ નં.not ૧૩ પ્રો.પ્લસ જેનો IMEI–864698064564640 તથા IMEI–864638064564657 મોબાઇલ ફોન અંગે વચગાળાનો હુકમ જો કોઇ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા તેના મુળ માલીકના ઓળખની ખરાઇ કરી તે મોબાઇલ ફોન તેમને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૧૪, માહેઃ જુલાઇ સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪/૦૭/૨૦૨૬ **(જે.જે. આહુજા)**
મુ.પલસાણા. જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01436

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>

<u>અ. ફરિયાદપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | કિશોરભાઇ હરજીભાઇ ભાદાણી | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | હરીશકુમાર અમૃતલાલ સોહન | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | નાગરાજ ભટ્ટભાઇ પાટીલ | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૪ | રાજેન્દ્રભાઇ ભુરાભાઇ પાટીલ | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૫ | આશિભાઇ દિલિપભાઇ પટેલ | દા.ક.અ. |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૬ | નિલેશભાઇ દુબલભાઇ ચૌધરી | ત.ક.અ. |

<u>બ. બચાવપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | ––– |

<u>ક. અદાલત દ્વારા</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | ––– |

<u>ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી</u>

<u>અ. ફરિયાદી</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૫ | પંચનામું |
| ૩ | ૧૬ | આરોપી અટક પંચનામું |
| ૪ | ૧૭ | આરોપી અટક પંચનામું |

| | | |
|---|---|---|
| ૫ | ૨૦ | ફરીયાદ |

<u>બ. બચાવ</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

<u>ક. ન્યાયાલય</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

<u>ડ. ભૌતિક પદાર્થ</u>

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૧ | બ્લેક કલરનો રેડમીન કંપનીનો મોબાઈલ ફોન મોડેલ નં.not ૧૩ પ્રો.પ્લસ જેનો IMEI–864698064564640 તથા IMEI–864638064564657 |

તા.૧૪/૦૭/૨૦૨૬
મુ.પલસાણા.

જે.જે. આહુજા
જ્યુડિશિયલ મૅજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પલસાણા.